હું છું તારી... બંસી...

હું છું તારી બંસી કે તારે ગાવું હોય તે ગાજે, હું છું તારી બંસી.

બંસીનાદે રાસ રચાએ, તોયે તેમાં ન રાચું, (૨)
થાય ધિંગાણાં કે તોફાન પ્રભુ, તોયે ન માનું કાચું;
તારી માલિકી છે સ્વામી... (૨) જે કરે તે સાચું,
મીઠી મસ્તી મટાડે હસ્તી, જીવન તારે કાજે, હું છું તારી બંસી.

જ્ઞાનાંશના વૈરાગ્યે બનાવે, નક્કરને નળીરૂપે, (૨)
ને અનુગ્રહ તું જ કરીને વર્તાવે બ્રહ્મરૂપે,
તોયે રજ છું સૂરજ નથી... (૨) ગ્રહણ કરી છે બ્રહ્મે;
ધરી તેં હોઠે, હું ધરું હૈયે, દેવતા તને નવાજે, હું છું તારી બંસી.

ઝીણી ગૂંચ મનુષ્યભાવની, ક્યારેક મૂંઝવે મને, (૨)
જ્ઞાનતણા બંધનમાં બાંધી, ના માપું હું તને,
માહાત્મ્યની ખામી દેને ટાળી... (૨) નિર્દોષ માનું તને,
ને બંસી હું ચૌદ છિદ્રની, (૨), કહું છું એક અવાજે,
તું બંસીધર હું બંસી કે તારે... (૨)
હું છું તારી બંસી... કે તારે ગાવું હોય તે ગાજે, હું છું તારી બંસી.